# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૨/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## બાંગ્લાદેશમાં ભારતથી થતા ફેબ્રિકના એકસપોર્ટ ઉપરની કસ્ટમ ડયુટી ઘટાડવા માટે ચેમ્બરની ઢાકા ચેમ્બર ઓફ કોમર્સને રજૂઆત

### સુરતના ઉદ્યોગકારે બાંગ્લાદેશમાં લુંગી ફેબ્રિક બનાવવા માટે પાર્ટનરશિપમાં પાયલોટ પ્રોજેકટ શરૂ કરવા અને તેના માટે ટેકનોલોજી સપોર્ટ પણ સુરતથી આપવા જણાવ્યું

**સુરત.** ઢાકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, બાંગ્લાદેશ દ્વારા ગુરૂવાર, તા. ૧૨ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ભારતની પાંચ ચેમ્બર ઓફ કોમર્સ જેવી કે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ– ઇન્ડિયા, ત્રિપુરા ચેમ્બર ઓફ કોમર્સ, એસોચેમ અને ફેડરેશન ઓફ કર્ણાટકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે વેબ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાની દિશામાં મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઢાકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, બાંગ્લાદેશના સેક્રેટરી જનરલ અફસારુલ આરિફીને ભારતની ઉપરોકત પાંચેય ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તથા પ્રતિનિધીઓને ભૂતકાળમાં થયેલા એમ.ઓ.યુ.ના આધારે વર્ચ્યુઅલ એકઝીબીશન, ઇન્વેસ્ટમેન્ટ ડાયલોગ અને પ્રોડકટ સ્પેસિફીક બીટુબી મિટીંગ કરવા માટે અનુરોધ કર્યો હતો. બાંગ્લાદેશમાં શરૂ થનારા ૧૦૦ જેટલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન વિશે માહિતી આપી તેમણે ભારતમાંથી રોકાણકારો મળી રહે તે માટે પ્રમોશન કરવા ચેમ્બર ઓફ કોમર્સને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, સુરતમાંથી સૌથી વધારે ફેબ્રિક સપ્લાય થાય છે. પરંતુ ચાઇના અને શ્રીલંકા કરતા ભારતથી બાંગ્લાદેશમાં થતા એકસપોર્ટ ઉપર કસ્ટમ ડયુટી વધારે છે. આથી

બાંગ્લાદેશ સરકાર દ્વારા કસ્ટમ ડયુટીમાં ઘટાડો કરવામાં આવશે તો સુરતમાંથી વધુમાં વધુ ફેબ્રિક એકસપોર્ટ કરી શકાશે. આ સંદર્ભે અફસારુલ આરિફીને જણાવ્યું હતું કે ચાઇના અને શ્રીલંકા કરતા ભારતથી આયાત થતા માલ ઉપર કસ્ટમ ડયુટી વધારે હશે તો તેને ઘટાડવા માટે તેમના તરફથી બાંગ્લાદેશ સરકારને ચોકકસપણે જણાવવામાં આવશે.

આ ઉપરાંત આશિષ ગુજરાતીએ સુરતમાં ઉત્પાદિત થતા વિસ્કોસ ફિલામેન્ટ ફેબ્રિક, લિનન, પોલીસ્ટર અને નાયલોન વિગેરે ફેબ્રિકના સપ્લાય માટે પણ વ્યવસ્થા ઉભી કરવા તેમજ મેડીકલ ટુરિઝમને પ્રમોટ કરવા માટે પ્રયાસ કરવા જણાવ્યું હતું. તેમણે બાંગ્લાદેશમાં શરૂ થનારા ૧૦૦ જેટલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અંગે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને ચેમ્બર તરફથી અવગત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

સુરતમાં ટેકસટાઇલ એન્જીનિયરીંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગકાર પરેશ ઠુમ્મરે સુરત ખાતે ડેવલપ થયેલી રેપીયર અને એરજેટ મશીનરી વિશે માહિતી આપી હતી. તેમણે બાંગ્લાદેશમાં લુંગી ફેબ્રિક બનાવવા માટે એક પાયલોટ પ્રોજેકટ પાર્ટનરશિપમાં શરૂ કરી શકાય અને તેના માટે ટેકનોલોજી સપોર્ટ પણ સુરતથી આપવામાં આવશે તેમ કહી ઢાકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.